
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




કાકા આ કાર તમારા માટે બેસ્ટ છે તમારો છોકરો ગલફ્રેન્ડને બેસાડી ઓવર સ્પીટ ચલાવે તે સાથે તમને મેસેજ આવી જશે...!!

# રાયસણ પાર્લરમાંથી વિદેશી સિગારેટનો જથ્થો ઝડપાયો

## આરોગ્ય માટે હાનીકારક હોવાની ચેતવણી વિના સિગારેટ વેચાતી હતી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના રાયસણ વિસ્તારમાં બિઝનેસ પાર્કની સામે આવેલા મી.સટ્ટા નામના પાન પાર્લરમાંથી આરોગ્યને હાનીકારક ચેતવણી દર્શાવ્યા વિનાની વિદેશી સિગારેટનું વેચાણ કરતા યુવકને ઈન્ફોસીટી પોલીસે પકડી પાડી સિગારેટનો મોટો જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગરમાં આરોગ્યને લગતી સ્પષ્ટ ચેતવણી દર્શાવતા નિશાન-ચિત્રો વગરની વિદેશી સિગારેટ પીવાનું ચલણ યુવાવર્ગમાં વધી રહ્યું છે. ત્યારે એક ફાઉન્ડેશન દ્વારા ઈન્ફોસીટી પોલીસને જાણ કરવામાં આવી હતી. રાયસણ બિઝનેસ પાર્કની સામે મી.સટ્ટા પાન પાર્લરમાં નિયમો નેવે મુકીને સિગારેટનું વેચાણ કરાઈ રહ્યું છે. જેને પગલે પોલીસે તાત્કાલીક ઉકત પાર્લરમાં ત્રાટકી હતી. પોલીસે પાર્લરના માલિક કુશ ભરતકુમાર ઠક્કર (ઉં.૩૨, રહે એ-૧૦૪ સેરેનીટી સ્પેસ વિશ્વાસ સીટી-૬ ની સામે ગોતા)ને પકડી પાડ્યો હતો. પોલીસે પાર્લરમાં તપાસ કરતા સીગારેટ અને તમાકુ ઉત્પાદન અધિનિયમ ૨૦૦૩ નો છડેચોક ભંગ કરાઈ રહ્યો હોવાનું સામે આવ્યું હતું. શો કેશમાંથી વિવિધ બ્રાન્ડની જેવી કે કેમલ, ડેવીડોફ કલાસીક, ફિલિપ્સ પ્લે, બી એન્ડ એચ સ્પેશીયલ ફિલ્ટર,૫૫૫ ગૌડ, અમેરીકન સ્પીરીટ,નેચરલ અમેરીકન સ્પીરીટ, જીવી બોર્ન એન્ડ બ્રીટન અને મમ્બરલીફ બ્રાન્ડની સિગારેટનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આ તમામ સિગારેટના બોકસ પર નિયમ મુજબ આરોગ્ય ને હાનીકારક કારણો-લખાણ બતાવતા સ્પષ્ટ ચિત્રો કે ચિહ્નો લખ્યા નહી હોવા છતા કુશ ઠક્કર છુટથી સિગારેટનું વેચાણ કરીને કાયદાનું છડેચોક ઉલ્લંઘન કરતો હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. જેથી પોલીસે રૂ.૫૭૦૦ રૂપીયાના સિગારેટના બોક્ષ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ કાર્યવાહી જાણ થતા અન્ય પાર્લર માલિકોમાં પણ ફફડાટ વ્યાપી ગયો હતો.

# સિવિલમાં ૬૦૦ બેડની હોસ્પિટલમાંથી સ્ટીલના ૭૦થી વધુ નળ ચોરાયા

## થોડા સમય પહેલા ૩ થી ૮ માળના શૌચાલયમાંથી નળની ચોરી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં સ્થિત ૬૦૦ બેડની હોસ્પિટલના સંડાસ-બાથરૂમમાંથી સ્ટીલના ૭૦ થી વધુ નળની ચોરી થવા પામી છે. સિવિલમાં વાહનચોરી અટકવાનુ નામ લેતી નથી.ત્યારે નળ ચોરી કરતી ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગે છે. સિવિલમાં સીસીટીવીના અભાવે ચોરીના કિસ્સા વધુ બન્યા છે.

ત્યારે સિવિલની નવી બિલ્ડીંગમાં થોડા સમય પહેલા અઠવાડીયાના સમયગાળામાં ૭૦ થી વધુ સ્ટીલના નળ ચોરી થતા પીઆઈયુ વિભાગને નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.

ગાંધીનગર સિવિલમાં આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થવા પામ્યો છે.

જેથી ગાંધીનગર આસપાસના જિલ્લા વિસ્તારના દર્દીઓ પણ સારવાર માટે આવે છે. તાવ થી માંડીને ડાયાલીસીસ, કિમોથેરાપી, સહિતની સારવાર થાય છે. ત્યારે દર્દીઓની સંખ્યા પણ સવિશેષ જોવા મળે છે. સિવિલમાં સુવિધાઓ વધતા સમસ્યાઓ પણ વધી રહી છે. સીસીટીવી કેમેરાના અભાવે ચોર શખ્સો છાકટા બને છે. સિવિલમાં કોરોના કાળમાં પણ ચોરીના કિસ્સા સામે આવ્યા હતા. ત્યારે ગાંધીનગર સિવિલમાં ૬૦૦ બેડની હોસ્પિટલમાં ૩ થી આઠ માળમાં આવેલા વિવિધ વોર્ડમાં આવેલા સંડાસ-બાથરૂમમાંથી સ્ટીલના નળની ચોરી થવા પામી છે. જયાં વિના મુલ્યે દર્દીના સગાઓને જમવાનું મળે છે તે આહારગૃહ પાસેથી પણ સ્ટીલના નળ રાત્રીના અંધકારમાં ગાયબ થઈ ગયા હતા.

તેમ છતા સિવિલ તંત્ર સબ સલામતના દાવા કરી રહ્યું છે. સિવિલના અધિકારીઓ રાઉન્ડ મારી કામ કર્યાનો સંતોષ માને છે. હાલના સમયે સિવિલમાં પાર્કિંગની સમસ્યા વકરી રહી છે. જેથી સિવિલમાંથી આંતરે દિવસે વાહનચોરીના કિસ્સા સામે આવ્યા છે.

સિવિલમાં સીસીટીવી કેમેરા ન હોવાથી ચોર ટોળકી બિન્દાસ્ત બની ચોરીને અંજામ આપે છે. સિવિલમાં ઠેરઠેર સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવે તો ચોરીની સમસ્યા ઓછી થઈ શકે છે.

ત્યારે સિવિલમાં સલામતી જવાનોનો લોખંડી પહેરો હોવા છતા ચોરી થાય તે વાત નવાઈ પમાડે છે.

### ધ ગુજરાત ગારમેન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન દ્વારા

# ગારમેન્ટ ઈન્ડસ્ટ્રીઝને વેગ આપવા ૨૦થી ૨૨ જુલાઈ નેશનલ કક્ષાના B2B ટ્રેડ ફેરનું આયોજન

## ૨૦-૨૧-૨૨ જુલાઇ, ત્રિદિવસીય ગારમેન્ટ ટ્રેડ ફેરમાં ૭૫૦થી વધુ બ્રાન્ડ્સની ઉપસ્થિતી ૩૫૦થી વધુ સહયોગીઓ દ્વારા ૨૫૦૦૦થી વધુ ફેશન પ્રોડક્ટ ઉપલબ્ધ

ગાંધીનગર,તા.૨૦

ટેક્સટાઈલ-ગારમેન્ટના માન્ચેસ્ટર ગણાતા એવા ગુજરાતના ઉદ્યોગોને વેગ આપવા માટે સતત પ્રયાસો થઈ રહ્યાં છે. ગુજરાતનો ગારમેન્ટ ઉદ્યોગ દેશ-વિદેશમાં પ્રચલિત છે. જોકે, કોરોના મહામારી અને આર્થિક સંકટના કારણે છેલ્લા બે-ત્રણ વર્ષથી ઉદ્યોગેમુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ મહામારીને દૂર કરી વેપારને વેગ આપવા માટે ધ ગુજરાત ગારમેન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન દ્વારા ૩૫માં ટ્રેડ ફેરનું આયોજન કરવામાં આવ્યું છે. ઈન્ડસ્ટ્રીઝ પ્રિ-કોવિડ સ્તરે પહોંચી છે, જે ટ્રેડફેર બાદ ૧૫-૨૦ ટકાનો ગ્રોથ સાધશે. ઉદ્યોગકારો સાતમ-આઠમ, રક્ષાબંધન,નવરાત્રી-દિવાળી અન્ય તહેવારો ઉપરાંત વિન્ટર કેલક્શન તથા લગ્નની સિઝન અને ફેશન તેમજ નવી ટેક્નોલોજી સાથે સજ્જ બની વેપારને વેગ આપવા આતુર છે. ગુજરાત ગારમેન્ટ મેન્યુફેક્ચરર્સ ટ્રેડ ફેરમાં ૭૫૦થી વધુ બ્રાન્ડ્સની ઉપસ્થિત રહી પ્રદર્શન કરશે. ગાંધીનગરમાં હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે ૨૦-૨૧-૨૨ જૂલાઈના રોજ યોજનારા ટ્રેડ ફેરમાં ત્રણ દિવસ દરમિયાન દેશભરના મોટા ભાગના રાજ્યોમાંથી અંદાજે ૨૩૦૦૦-૨૫૦૦૦ જેટલા ખરીદદારો આવશે. ટ્રેડફેરમાં ૩૫૦થી વધુ સહયોગીઓ દ્વારા ૨૫૦૦૦થી વધુ ફેશન પ્રોડક્ટ રજૂ કરવામાં આવશે. બીટુબી ટ્રેડ ફેરમાં મોટા પાયે ઓર્ડરની આશા ઉદ્યોગકારો સેવી રહ્યાં છે. આ પ્રસંગે શ્રી જ્યોતિપ્રસાદ ચિરિપાલ, મેનેજીંગ ડિરેક્ટર, ચિરિપાલ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ, SSએમએના પ્રમુખ વિજય પુરોહિત, SSએમએના માનનીય સેક્રેટરી શ્રી દિલીપ બેલાની, SSએમએ ટ્રેડ ફેરના ઈન્ચાર્જ અર્પણ શાહે એ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. આ વર્ષે ઈન્ડુસટ્રીમાં વધુથી વધુ લોકો જોડાઈ શકે એ માટે એસોસિએશન કમિટી ધ્વરા ૧૬ થી વધુ રાજ્યોને આમંત્રણ પાઠવ્યા હતા તેમજ તમામ એસોસિએશન અને રિટેલર્સ સુધી પણ માહિતી પોહ્ચવાડવામાં આવી હતી.



SSએમએના પ્રમુખ વિજય પુરોહિતે જણાવ્યું, “ગારમેન્ટ ઉદ્યોગનું ભવિષ્ય ખુબ જ ઉજ્જ્વળ છે, કારણ કે આ ઉદ્યોગ સાથે પ્રતિભાશાળી યુવાન અને સ્કિલ કારીગરો જોડાયેલા છે,ગારમેન્ટ ફેર એક સીમાચિહ્નરૂપ રહેશે, કારણ કે છેલ્લા થોડા સમયથી જે તકલીફોનો સામનો દુનિયા કરી રહી હતી તેમાંથી હવે બધા ધીરે ધીરે બહાર આવી રહ્યા છીએ અને આવનાર તહેવારોની સિઝનને ધ્યાનમાં રાખી ગારમેન્ટ ઉદ્યોગ સાથે સંકળાયેલા કારીગરોને ખૂબ જ સારા પ્રમાણમાં કામ મળે તે માટે ભારતના તમામ રાજ્યોમાંથી ખૂબ મોટા પ્રમાણમાં ઓર્ડર આપી શકે તેવા વેપારીઓને વિશેષ રીતે આ ટ્રેડ ફેરમાં આમંત્રિત કરવામાં આવ્યા છે. ઉપરાંત, ઈન્ડસ્ટ્રીઝની લાંબા સમયથી જે એપેરલ પાર્કની માંગ હતી,તેને એસોસિએશનના સપોર્ટ દ્વારા આગામી ટુંકાગાળામાં પૂર્ણ કરવામાં આવશે.” SSએમએના માનનીય સેક્રેટરી દિલીપ બેલાની એ જણાવ્યું હતુ કે, આ ટ્રેડ ફેરમાં આવનારી સિઝનને ધ્યાનમાં રાખી અને ખૂબ જ નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી અને અમદાવાદ અને ગુજરાતના મેન્યુફેક્ચરર ખૂબ જ સારા ફેશનેબલ ગારમેન્ટનું પ્રદર્શન કરશે. આ ગારમેન્ટ ફેર થકી ફરી એકવાર ગુજરાતનું ગારમેન્ટ ઉદ્યોગ ધમધમતો થશે અને રોજગારીની ખૂબ મોટી તકો ઊભી થશે. SSએમએ ટ્રેડ ફેરના ઈન્ચાર્જ અર્પણ શાહે જણાવ્યુ, “ગુજરાતમાં ૨૫૦૦૦થી વધુ નાના-મોટા ગારમેન્ટ ઉત્પાદકો આવેલા છે, જેમાં માત્ર અમદાવાદમાં જ ૧૫૦૦૦ ઉત્પાદકો છે. આ સેક્ટર ગુજરાતમાં પ્રત્યક્ષ-પરોક્ષ રૂપે ૨૦ લાખથી વધુ લોકોને રોજગારી પૂરી પાડી રહ્યો છે, ત્યારે આ સેક્ટરને વેગ મળે તે આવશ્યક છે. ટ્રેડ ફેરના કારણે સેક્ટર ઝડપી વેગ પકડે તેવી આશા છે. ગારમેન્ટ ઈન્ડસ્ટ્રીઝ સાથે ફેબ્રિક, વોશીંગ, એસેસરિઝ તથા પેકેજિંગ ઈન્ડસ્ટ્રીઝ પણ સંકળાયેલી છે જેના વેપારને પણ વેગ મળશે.”

# સે-૧૬ બેંક ઓફ બરોડા ખાતે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

## કેમ્પમાં ૧૫ યુનિટ રક્ત એકત્ર થયું, ૩૫ કર્મચારીઓએ હેલ્થ ચેકઅપ કરાવ્યું



ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ સ્થિત બેંક ઓફ બરોડાના ૧૧૬ માં સ્થાપના દિવસ નિમિતે હોમલોન પ્રોસેસીંગ સેલ દ્વારા બપોરે ૨ થી ૭ દરમિયાન હેલ્થ ચેકઅપ અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બ્લડ ડોનેશન કેમ્પમાં બેંકના કર્મચારીઓએ ઉત્સાહભેર રકતદાન કરતા ૧૫ યુનિટ રકત એકત્ર થયું હતું. જયારે ૩૫ અધિકારી-કર્મચારીઓએ હેલ્થ ચેકઅપ કરાવ્યું હતું. શહેરના સેકટર-૧૬ ખાતે આવેલી બેંક ઓફ બરોડા એસ.એમ.એસ બ્રાંચ દ્વારા ૧૧૬ માં સ્થાપના દિવસ નિમિતે હેલ્થ ચેકઅપનું આયોજન કરાયું હતું. જયારે બ્લડ ડોનેશન કેમ્પમાં એકત્ર થયેલી બ્લડ થેલેસેમીયાગ્રસ્ત દર્દીઓને આપવામાં આવશે. જેમાં બ્લડ ડોનેશન, હેલ્થ ચેકઅપ, આઈચેકઅપ, ઈસીજી અને ડેન્ટલની સુવિધા ઉભી કરવામાં આવી હતી. આ કેમ્પમાં ૧૫ કર્મચારીઓએ રકત આપ્યું હતું. જયારે ૩૫ કર્મચારીઓએ હેલ્થ ચેકઅપ કરાવ્યું હતું. બેંક ઓફ બરોડાના આ કેમ્પમાં શ્રધ્ધાદિપ લેબોરેટરી, સ્કાય હોસ્પિટલ, આશ્કા હોસ્પિટલ અને તેજ આઈ હોસ્પિટલનો સાથ અને સહકાર સાંપડ્યો હતો.જયારે આ પ્રસંગે બેંકના મુખ્ય પ્રબંધક આદિત્ય મહેશ્વરી, સુનિલસિંગ, ડો.મહેન્દ્ર ગજ્જર, ડો. તેજલ દલાલ સહિત અન્ય ડોકટર્સ તેમજ સ્ટાફના કર્મચારીઓ હાજર રહ્યા હતા. બેંકના આ હેલ્થ ચેકઅપ કેમ્પને સફળ બનાવવા માટે કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.



શહેરમાં હમણાં જ બનાવવામાં આવેલા અન્ડરબ્રીજ અને તેને જોડતા રસ્તાઓની હાલત બિસ્માર થઈ ગઈ છે. હજુ તો એટલો વરસાદ નથી ત્યાં અન્ડરબ્રીજમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે. આ ઉપરાંત અન્ડરબ્રીજને જોડતા રસ્તાઓ તુટી જતાં વાહનચાલકોને ખુબજ મુશ્કેલીનો અનુભવ થઈ રહ્યો છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં દસકના વિક્રમી વરસાદ પછી પણ વીજમાંગમાં ઘટાડો જણાયો નથી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની ફેસ એટેન્ડેસ સિસ્ટમમાં તકનીકી ખામી ઉભી થવા પામી હોઈ કર્મચારીઓને એટેન્ડેસ માટે ઘણો સમય આપવો પડે છે.
- ગાંધીનગર ખાતે ૨૫મીએ પંચાયત મહાસંઘની મહત્વની બેઠક યોજાશે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે સભ્યોની અવર-જવર જણાઈ હતી.
- ગાંધીનગર મનપામાં આજે આરોગ્યની વિવિધ કાર્યક્રમોની સમીક્ષા બેઠક યોજાઈ હતી.
- ગાંધીનગર ખાતે રાજ્યના પશુપાલન અધિકારીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી.
- દહેગામ શહેર અને તાલુકાની મહિલાઓ ભાજપમાં જોડાતાં કોંગ્રેસને મોટો આંચકો આપ્યો છે.
- દહેગામમાં જૈનમુનિની હત્યાના વિરોધમાં જૈન વેપારીઓ ધંધાથી અળગા રહ્યા હતા.
- ગાંધીનગરમાં વિદેશી બનાવટની સિગરેટ વેચનાર દુકાનમાં પોલીસના દરોડા.
- રોટરી કલબ ગાંધીનગર દ્વારા એન્જીનીયરીંગને એક ખાસ વર્કશોપ યોજાયો હતો.
- કલોલના સઈજ ગામે કપડાં સુકવવા બાબતે પાડોશીઓ વચ્ચે માથાકુટ.
- યુ.જી.વી.સી.એલ. દ્વારા વરસાદને પગલે વીજ પુરવઠો બંધ કરવાની નીતિ સામે લોકોમાં રોષ.
- કલોલ પોલીસે વિદેશી દારૂ સાથે બે ઈસમોને દબોચી લીધા.
- ગાંધીનગર મનપાની દબાણની ટીમ પર ગઈકાલે હુમલો થયાની ઘટના ટોક ઓફ ધી ટાઉન બની છે.
- પાલજ પ્રા. શાળામાં મૂલ્યલક્ષી શિક્ષણનો કાર્યક્રમ યોજાયો.
- વર્ધાના મુવાડાની શાળામાં મતદાન જાગૃત્તિ કાર્યક્રમ યોજાયો.
- સે. ૨૪ના શાકમાર્કેટમાં અસામાજિક તત્વોની રંજાડને લઈ મહિલાઓ પરેશાન.
- સ્વામિનારાયણ યુનિ.માં વિશ્વ સર્પ દિવસની ઉજવણી કરાઈ.
- ગાંધીનગર શહેર જિલ્લામાં વાહકજન્ય રોગચાળાને લઈ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો બીજો રાઉન્ડ સંપન્ન થયો.

# અડાલજ ત્રિમંદિર કેમ્પસ ખાતે આરોગ્ય જાગૃતિ શિબિર યોજાઈ



ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર જિલ્લાના ઉવારસદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સમાવિષ્ઠ અડાલજ ખાતેના ત્રિમંદિર કેમ્પસ ખાતે શ્રી નીરવભાઈ પટેલના આયોજન હેઠળ ચોમાસાની ઋતુ અંતર્ગત વાહકજન્ય રોગો નિયંત્રણ માટેની જાગૃતિ શિબિર યોજાઈ ગઈ જેમાં મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકુન ગુનિયા બાબતે ત્રિમંદિર કેમ્પસના તમામ સુપરવાઈઝરને સોર્સ રીડકશન બાબતે પ્રા આ કેન્દ્ર ઉવારસદના સુપરવાઈઝર શ્રી કમલેશભાઈ સીરસીયા દ્વારા વિસ્તૃત જાણકારી આપવામાં આવી.



પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, ચિલોડા દ્વારા કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ (સીઆરપીએફ) ખાતે ડીઆઈજી રામસિંહ અને ડીએસપી મહેન્દ્રસિંહના સહકારથી 'નશા મુક્ત ભારત અભિયાન તહત રાજયોગ સે સુખી જીવન જીને કી કલા' વિષય પર ટોપ ઓફિસર્સ માટે આયોજિત ચાર દિવસીય રાજયોગ શિબિરમાં સેવાકેન્દ્ર પ્રભારી રાજયોગીની તારા દીદીજી સચિત્ર દાખલા સાથે સમજાવ્યું હતું. સાથે સાથે ઉપસ્થિત સૌના વ્યસન પણ છોડાવવામાં આવ્યા. અને વ્યસન અંગે સૌને પ્રતિજ્ઞા પણ કરાવવામાં આવી હતી.

# દહેગામના પાલૈયા પાસે આવેલી રેવાબા સ્કૂલના વિદ્યાર્થીઓએ ઓઈલ મીલની મુલાકાત લીધી



ગાંધીનગર,તા.૨૦

દહેગામ તાલુકાના પાલૈયા ગામે આવેલી રેવાબા વિદ્યામંદિર દ્વારા ધોરણ ૧૧ તથા ધોરણ ૧૨ કોમર્સ ના ૪૫ વિદ્યાર્થીઓને રખિયાલ સામેત્રી પાસે આવેલી નાકોડા ઓઈલ ઈન્ડસ્ટ્રીઝમાં શૈક્ષણિક મુલાકાત માટે લઈ જવામાં આવ્યા હતા. બાળકોને ઓઈલ મીલમાં સીંગદાણા માંથી બનતા તેલ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રક્રિયા બે તબક્કામાં થતી હોવાની માહિતી આપવામાં આવી હતી સંચાલક દ્વારા બાળકોને મગફળીમાંથી તેલ કેવી રીતે બને છે તે જણાવવામાં આવતા બાળકો ખૂબ જ અભિભૂત થયા હતા વિદ્યામંદિર દ્વારા બાળકોને વિવિધ એક્ટિવિટીના ભાગરૂપે આ શૈક્ષણિક મુલાકાત કરાવવામાં આવી હતી. રેવાબા વિદ્યામંદિરના શિક્ષક ગણ તથા ટ્રસ્ટી કલ્પેશભાઈ પટેલ બાળકો સાથે જોડાયા હતા.